# પાતશાહ અકબરના સમયના છ અપ્રકાશિત શિલાલેખ, વિ. સં. ૧૬૪૬

સં. પ્રવીણચંદ્ર પરીખ
ભારતી શેલત

આ અકબરકાલીન છ શિલાલેખ અમદાવાદના કાળુપુર વિસ્તારમાં આવેલી શાંતિનાથની પોળમાંના શાન્તિનાથના જૈન દેરાસરમાં ગૂઢમંડપમાં ગર્ભગૃહની બહારની ડાબી બાજુની દીવાલ પર એક સાથે ઉપર નીચે ગોઠવેલી અલગ અલગ તકતીઓ પર કોતરેલા છે.

**શિલાલેખ નં. ૧** ની તકતીનું માપ ૪૦.૫ X ૩૮ સે. મી. છે. જ્યારે એના પર લખાણવાળા ભાગનું માપ ૩૭.૫ X ૩૭ સે. મી. છે. એમાં સળંગ લખાણની કુલ ૩૧ પંક્તિઓ કોતરેલી છે. દરેક પંક્તિમાં અક્ષરસંખ્યા સરેરાશ ૪૭ થી ૪૯ની છે, અને અક્ષરનું સરેરાશ કદ ૦.૫ X ૦.૭ સે. મી.નું છે. **તકતી નં. ૨** નું માપ ૪૫ X ૧૯ સે. મી. છે, જ્યારે લખાણવાળા ભાગનું માપ ૪૪ X ૧૩ સે. મી. છે. સળંગ લખાણની કુલ ૬ પંક્તિઓ કોતરેલી છે. દરેક પંક્તિમાં સરેરાશ અક્ષરસંખ્યા ૨૭ થી ૨૯ની છે, અને અક્ષરનું સરેરાશ કદ ૧.૩ X ૧ સે. મી.નું છે. **તકતી નં. ૩** નું માપ ૪૨ X ૧૯.૫ સે. મી. છે. લખાણવાળા ભાગનું માપ ૩૮ X ૧૬ સે. મી. છે. લખાણની કુલ ૮ પંક્તિઓ કોતરેલી છે. અંતિમ પંક્તિ પાછળથી કોતરેલી જોવા મળે છે. દરેક પંક્તિમાં સરેરાશ અક્ષરસંખ્યા ૨૬-૨૭ જેટલી છે અને અક્ષરનું સરેરાશ કદ ૧ X ૧ સે. મી.નું છે. **તકતી નં. ૪** નું માપ ૧૮.૫ X ૧૯ સે. મી. છે. એમાં લખાણવાળા ભાગનું માપ ૧૬ X ૧૬ સે. મી. છે. લખાણની કુલ ૧૨ પંક્તિઓ કોતરેલી છે અને દરેક પંક્તિમાં સરેરાશ અક્ષરસંખ્યા ૧૮ થી ૨૦ની છે. અક્ષરનું સરેરાશ કદ ૦.૫ X ૦.૫ સે. મી. છે. **તકતી નં. ૫** નું માપ ૨૨ X ૧૮ સે. મી. છે, જ્યારે લખાણવાળા ભાગનું માપ ૧૭ X ૧૧.૫ સે. મી. છે. લખાણની કુલ ૧૦ પંક્તિઓ કોતરેલી છે. દરેક પંક્તિમાં અક્ષરની સરેરાશ સંખ્યા ૧૯ છે અને અક્ષરનું સરેરાશ કદ ૦.૫ X ૦.૭ સે. મી. છે. **તકતી નં. ૬** નું માપ ૨૦ X ૧૮.૫ સે. મી.નું છે, જ્યારે લખાણવાળા ભાગનું માપ ૧૭ X ૧૫.૫ સે. મી. છે. લખાણની કુલ ૧૨ પંક્તિઓ કોતરેલી છે. દરેક પંક્તિમાં સરેરાશ અક્ષરસંખ્યા ૧૮ થી ૨૦ની છે. અક્ષરનું સરેરાશ કદ ૦.૫ X ૦.૫ સે. મી. છે.

શિલાલેખોનું લખાણ **દેવનાગરી લિપિ**માં કોતરેલું છે. લેખોમાંના **અક્ષરવિન્યાસ**ની કેટલીક લાક્ષણિકતાઓ આ પ્રમાણે છે :

(૧) अ માં ઉત્તર ભારતીય મરોડ જોવા મળે છે, જેમકે अकब्बर, अहम्म॰ (૧.૨), अणधिल्ल (૧.૫) अभय (૧.૭), अंबड (૧.૧૦) अश्व॰ (૨.૧), आस॰ (૨.૫), आसोज (૩.૧), आश्विन (૪.૧) વગેરે.

(૨) મૂલાક્ષર ध ને મથાળે પ્રાયઃ શિરોરેખા જોવા મળતી નથી; જેમ કે सीमंधर (૧.૪), शोधित (૧.૪), शीत्यधिक (૧.૫), प्रबोधित (૧.૮), पत्तनाधीश (૧.૫), साधक (૧.૧૧), सूत्रधार (૧.૧૨), धन्ना (૪.૬) વગેરે.

(૩) ण માં ઉત્તરી મરોડ પ્રયોજાયો છે, જેમાંથી ગુજરાતી મરોડ થયો છે; જેમ કે श्रवण (૧.૨), अणधि॰ (૧.૫), विवरणकरण (૧.૭), माणिक्य (૧.૨૦, ૨.૨), વગેરે.

(૪) श ના મરોડમાં એના ડાબા અંગના ઉપરના ભાગને ડાબી બાજુએ નીચે ગોળ વાળવામાં આવ્યો નથી; જેમ કે शासना॰ (૧.૩), शोधित (૧.૪), दशशत (૧.૫), शक्ति (૧.૯), ॰शोभित॰ (૧.૧૪), शत्रुंजय (૧.૨૨), शांतिनाथ (૨.૩), शंखवाल (૪.૫), વગેરે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(૫) શિરોરેખાને લંબાવીને એને इ અને ई નાં અંતર્ગત સ્વરચિહ્નોના ઊભા દંડ સાથે જોડવામાં આવતી નથી.

(૬) અંતર્ગત સ્વરચિહ્ન ए માટે ક્યાંય પડિમાત્રા પ્રયોજાઈ નથી. હંમેશાં શિરોમાત્રા (ઊર્ધ્વમાત્રા) જ પ્રયોજાઈ છે.

(૭) क्ष ના સંયુક્ત સ્વરૂપમાં क ની મધ્યની આડી રેખાને ઊભી રેખા સાથે સળંગ છેદી જમણી બાજુએ નીચે ઉતારવામાં આવી છે; જેમકે नक्षत्रे (૧.૩,૪.૬,૫.૨), पक्षविक्षेप (૧.૫), વગેરે.

(૮) ક્વચિત્ ई ના મરોડમાં દીર્ઘ ई ની માત્રા જમણી તરફ છેક નીચે સુધી લંબાવવામાં આવી છે, જેમકે वीराई (૧.૩૧).

લેખોનું લખાણ સંસ્કૃત ભાષા અને લેખ નં. ૧ના પ્રથમ બે શ્લોક સિવાય ગદ્યમાં લખેલું છે. લખાણમાં ક્યાંક ક્યાંક અશુદ્ધિઓ માલૂમ પડે છે. समयातीत-संवत्‌ને બદલે समयात्संवृति (૧.૧), चतुष्षष्टि ને બદલે चतुष्पष्टी (૧.૯), प्रतिष्ठित ને બદલે प्रतिष्टित (૧.૧૩), प्रतिष्ठा ને બદલે प्रतिष्टा (૧.૧૪), समुद्धृतम् ને બદલે समुधृतम् (૧.૨૧), વગેરે. ક્વચિત્ દેશ્ય શબ્દનો પ્રયોગ થયેલો છે; જેમકે कोरिता (૧.૩૧).

**લેખોનો સાર : ૧**

સ્વસ્તિ. શ્રી ઇચ્છિતાર્થની ફલપ્રાપ્તિ કરાવનાર, સજ્જનોની છાયા સમાન, સુમનસ્, સંઘને સમૃદ્ધ કરનાર શાન્તિનાથ ચૈત્યરૂપી કલ્પવૃક્ષ ચિરસ્થાયી બનો. (શ્લો૰ ૧). વિક્રમ સંવત ૧૬૪૬, વિજયાદશમીના દિવસે, સોમવારે, શ્રવણ નક્ષત્રના સમયે (શ્લો૰ ૨) બાદશાહ શ્રી અકબરના રાજ્યમાં અમદાવાદ નગરમાં શાસનાધીશ શ્રી વર્ધમાનસ્વામીના પટ્ટની અવિચ્છિન્ન પરંપરામાં ઉદ્યોતનસૂરિ થયા (પં૰ ૨-૩). તેમના પટ્ટમાં સૂર્ય સમાન પ્રતાપી વિમલ દંડનાયકે અર્બુદાચલ ઉપર બંધાવેલ 'વિમલવસહિ'ની પ્રતિષ્ઠા કરાવનાર શ્રી વર્ધમાનસૂરિ; તેમના પટ્ટધર અણહિલપુરના અધીશ દુર્લભરાજના સમયમાં ચૈત્યવાસી પક્ષના વિક્ષેપક, સં૰ ૧૦૮૦માં 'ખરતર બિરુદ' પ્રાપ્ત કરનાર શ્રી જિનેશ્વરસૂરિ થયા (પં૰ ૪-૬). તેમના પટ્ટધર શ્રી જિનચંદ્રસૂરિ, તેમના પટ્ટધર શાસનદેવ(ધરણેન્દ્ર)ના ઉપદેશથી કુષ્ઠ રોગના નિવારણના હેતુરૂપ સ્તંભન પાર્શ્વનાથ પ્રગટ થયા છે તેવા 'નવાંગ' વગેરે અનેક શાસ્ત્રોના વિવરણ કરવાથી પ્રતિષ્ઠા મળી છે તેવા શ્રી અભયદેવસૂરિ થયા (પં૰ ૬-૭). તેમના પટ્ટધર જિનશાસન પ્રભાવક શ્રી જિનવલ્લભસૂરિ હતા, જેમણે લેખ, રૂપ, દશકુલક વગેરેના પ્રેષણ દ્વારા વાગડ દેશના ૧,૦૦,૦૦૦ શ્રાવકોને પ્રતિબોધ આપેલો, પોતાની સુવિહિત કઠિન ક્રિયાઓ કરેલી અને પિંડવિશુદ્ધિ પ્રકરણની રચના કરેલી (પં૰ ૭-૯). તેમના પટ્ટધર પંચનદીસાધક શ્રી જિનદત્તસૂરિ થયા, જેમણે પોતાની શક્તિથી વિકારી ૬૪ યોગિનીઓના ચક્રને વશ કર્યું હતું. સિંધુ દેશના પીરની સાધના કરી, અંબડ શ્રાવકના હાથે સુવર્ણાક્ષરે લખાયેલ વાચનાથી 'યુગપ્રધાન'ની પદવીથી અલંકૃત હતા (પં૰ ૯-૧૧). તેમના પટ્ટધર શ્રી જિનચન્દ્રસૂરિ (દ્વિતીય) થયા, જેમનું ભાલસ્થલ નરમણિથી શોભાયમાન હતું (પં૰ ૧૧). તેમના શિષ્ય શ્રી જિનપતિસૂરિ થયા, જેમની નેમિચંદ્રે (ભંડારી) પરીક્ષા કરી હતી, જેમણે **પ્રબોધોદય** જેવા ગ્રન્થની રચના કરી. ૩૬ પ્રકારના વાદોથી વિધિપક્ષ (ખરતર) વ્યવસ્થિત કર્યો - (પં૰ ૧૧-૧૨). તેમના પટ્ટધર પ્રભાવક શ્રી જિનેશ્વરસૂરિ (દ્વિતીય) થયા, જેમણે લાડોલ(વિજાપુર)માં શ્રી શાન્તિનાથ-વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરી (પં૰ ૧૩). તેમના પટ્ટધર શ્રી જિનપ્રબોધસૂરિ થયા. તેમના પટ્ટધર શ્રી જિનચન્દ્રસૂરિ (તૃતીય) થયા, જેમણે ચાર રાજાઓને પ્રતિબોધ કર્યા હતા. આથી વૃદ્ધ રાજગચ્છની સંજ્ઞાથી શોભતા હતા (પં૰ ૧૩-૧૪). તેમના પટ્ટધર શ્રી જિનકુશલસૂરિ થયા, જેઓ 'શત્રુંજય પર્વત' ઉપર 'ખરતરવસતિ'ના પ્રતિષ્ઠાપક હતા અને જેમનું ધ્યેય પોતાના ગચ્છનું પરિપાલન કરવાનું હતું (પં૰ ૧૪-૧૫). તેમના પટ્ટધર શ્રી જિનપદ્મસૂરિ, તેમના પટ્ટધર જિનલબ્ધિસૂરિ અને પછી શ્રી જિનચંદ્રસૂરિ (ચતુર્થ) થયા (પં૰ ૧૫-૧૬). પછી તેમના પટ્ટધર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રી જિનોદયસૂરિ થયા, જેમના દ્વારા સંઘપતિઓ અને પદસ્થોનો ઉદય થયો (પં. ૧૬). તેમના પટ્ટધર શ્રી જિનરાજસૂરિ થયા. તેમના પટ્ટધર શ્રી જિનભદ્રસૂરિ થયા, જેમણે સ્થળે સ્થળે જ્ઞાનભંડારો સ્થાપ્યા (પં. ૧૭). તેમના પટ્ટધર શ્રી જિનચન્દ્રસૂરિ (પંચમ) થયા. તેમના પટ્ટધર પંચયક્ષના સાધક અને વિશિષ્ટ ક્રિયા કરનાર શ્રી જિનસમુદ્રસૂરિ થયા. (પં. ૧૭-૧૮). તેમના પટ્ટધર શ્રી જિનહંસસૂરિ થયા, જેમણે તપ, ધ્યાન અને વિધાનના ચમત્કારથી સુલતાન (સિકંદર લોદીએ) (ઈ. સ. ૧૪૮૮ થી ઈ. સ. ૧૫૦૭) કેદ કરેલા ૫૦૦ કેદીઓને છોડાવ્યા. આથી સમ્માન પ્રાપ્ત કર્યું (પં. ૧૮-૧૯). તેમના પટ્ટધર શ્રી જિનમાણિક્યસૂરિ થયા, જેઓ પંચનદીના સાધક હતા અને અધિક ધ્યાનના બળથી જેમણે યવનોના ઉપદ્રવને શાંત કર્યો હતો અને એથી અત્યંત શોભતા હતા (પં. ૧૯-૨૦). એમના પટ્ટના અલંકાર સમા, વાદમાં અજેય, વિજયલક્ષ્મીના શરણ અને પૂર્વ ક્રિયોદ્ધાર કરનાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજય રાજયમાં ૨૫ દેવકુલિકાઓથી અલંકૃત શ્રી શાંતિનાથ તીર્થંકરનું ચૈત્ય ખૂબ દ્રવ્ય ખર્ચીને બનાવવામાં આવ્યું (પં. ૨૦-૨૧). દેવગૃહના કાર્યાધ્યક્ષ મંત્રી સારંગધર, દેવકર્ણ, શત્રુંજય સંઘના અધિપતિ મં. જોગી, સોમજી, શિવજી, સૂરજી, લઘુ સોમજી, સા. કમલસા, સા. માના, સા. ગદા, યાદવ, ભાથા, સા. અમીપાલ, પચ્ચા, સા. અમરદત્ત, કુંઅરજી, ખૂબ દ્રવ્યનું વિતરણ કરનાર શ્રીમાલ જ્ઞાતિના સા. જીવા, સા. ધન્ના, સા. લક્ષ્મીદાસ, સા. કુંવરજી, મં. વછરાજ, પ. સૂરજી, હીરજી, મં. નારાયણજી, સા. જાવડ, સીતા, પ. ધન્નૂ, ભ. રાજપા, સા. જિણદાસ, ગૂ. લક્ષ્મીદાસ, નરપતિ, રવા, સા. વચ્છા, દો. ધર્મસી, સિંઘા, મં. વિજયકર્ણ, મં. શુભકર, સા. કમ્મા, એ. રતનસી, કર્મસી, સા. રાજા, મૂલા, વારુણી, સા. દેવીદાસ, સં. લષમીવુપજી(ચંદ), ભૂ. પોપટ, રત્ના, કચરા, સા. નયણસી, સા. કૃષ્ણા, કીકા, સા. વીરજી, સા. રહિયા, કુદા, લષમણ, સા. સીકા, સા. નઉલા, ગોપાલા, સષૂઆ, લાલ, સોમજી, મતા, કુંભા, મં. રાઘૂવા, ઉદયકર્ણ, સા. ધોમસી, નેતા, ધનજી, શિવા, સૂરચંદ સહિત શ્રી ખરતરગચ્છીય સંઘે (ચૈત્યનું) સંસ્કરણ કરાવ્યું (પં. ૨૨-૨૯). જયાં સુધી સૂર્ય-ચંદ્ર પ્રકાશે, ત્યાં સુધી ટકો. આ પ્રશસ્તિ પં. સકલચંદ્ર ગણિ સહિત વા. કલ્યાણકમલ ગણિ અને ગ. મહિમરાજ ગણિએ લખી (પં. ૨૯-૩૦). શ્રાવક પુણ્યપ્રભાવક હારિતા - ભાર્યા શ્રાવિકા વીરાઈ, પુત્રી હાંસાઈ, મંગાઈ વગેરે સહિત, ગજધર (સલાટ) ગદુઆકે કોતરી (પં. ૩૦-૩૧).

### શિલાલેખ નં. ૨

સ્વસ્તિ શ્રી સંવત્ ૧૬૪૬, આસો સુદિ ૧૫, શનિવારે શ્રી ખરતરગચ્છમાં શ્રી જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજયમાં રાજધાની(અમદાવાદ)માં શ્રી શાંતિનાથના વિધિચૈત્યની જગતી અને દેવકુલિકા બ્રાહ્મચાગોત્રમાં સા. હીરાના પુત્ર સા. ગોરાના પુણ્યાર્થે લક્ષ્મીદાસ, સા. સામીદાસ, સા. ઉદયનાથ, સા. રાયસિંઘ વગેરે પુત્રોએ, શ્રાવિકા ગોરાદે, લાડિમદે, આસકરણ વગેરે પરિવાર સહિત શ્રી જિનકુશલસૂરિની કૃપાથી કરાવી. એ લાંબા સમય સુધી ટકી રહો.

### શિલાલેખ નં. ૩

સંવત્ ૧૬૪૬, આસો સુદિ ૧૦, વિજયાદશમીને સોમવારે શ્રવણ નક્ષત્રમાં શ્રી ખરતરગચ્છમાં શ્રી જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજ્યમાં ઉકેશ વંશમાં શંખવાલ ગોત્રના સાહ સામલ, તેના પુત્ર સાહ ડુંગર, ભાર્યા શ્રાવિકા લાડાના પુત્રરત્ન મા. ધન્નાકે, સા. વના, સા. મિહાજલ, સા. ધર્મસી વગેરે પરિવાર સહિત રાજધાનીમાં શ્રી શાંતિનાથ વિધિચૈત્યની જગતીમાં દેવકુલિકા આત્મશ્રેયાર્થે કરાવી. શ્રી જિનકુશલસૂરિની કૃપાથી પૂજ્યમાન ચિરકાલ આનંદ પામો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

### શિલાલેખ નં. ૪

સંવત્ ૧૬૪૬, આશ્વિન સુદિ ૧૦ — વિજયાદશમીને સોમવારે, શ્રવણ નક્ષત્રમાં શ્રી ખરતરગચ્છમાં શ્રી જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજ્યમાં ઉકેશ વંશમાં શંખવાલ ગોત્રમાં સાહ સામલના પુત્ર સાહ ડુંગર - તેની પત્ની શ્રાંવિકા લાડાએ પુત્ર સાહ ધન્ના, સાહ વન્ના, સાહ મેહાજલ, સાહ ધરમસી વગેરે પુત્ર પૌત્રાદિ પરિવાર સહિત અમદાવાદ નગરમાં શ્રી શાંતિનાથ વિધિ ચૈત્યની જગતીમાં સ્વશ્રેયોર્થ દેવકુલિકા કરાવી. શ્રી જિનકુશલસૂરિ ગુરુની કૃપાથી.

### શિલાલેખ નં. ૫

સ્વસ્તિ શ્રી વિ૰ સં૰ ૧૬૪૬, આસો સુદિ ૧૦, શ્રી બૃહત્ખરતરગચ્છના અધીશ્વર શ્રી જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજ્યમાં શ્રી બ્રાહ્મેચા ગોત્રમાં સાહ હીરો, તેના પુત્ર સાહ ગોરા, પત્ની ગૌરાદે, લઘુભાર્યા જીવાદે — તેનો પુત્ર સાહ લક્ષ્મીદાસ, સાહ સામીદાસ, સાહ ઉદયસિંહ, સાહ રાયસિંહ, શ્રાવિકા દાડિમદે, શ્રાવિકા ભગતાદે, પુત્ર આસકરણ વગેરે પરિવાર સહિત રાજધાનીમાં 'શ્રી શાન્તિનાથવિધિ ચૈત્ય'ની જગતીમાં પિતાના પુણ્યાર્થે દેવકુલિકા કરાવી.

### શિલાલેખ નં. ૬

સંવત્ ૧૬૪૬, આશ્વિન સુદિ ૧૦, વિજયાદશમીને સોમવારે, શ્રવણ નક્ષત્રમાં શ્રી બૃહત્ખરતરગચ્છમાં શ્રી જિનમાણિક્યસૂરિના પટ્ટાલંકાર શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજ્યમાં શ્રી ઉકેશ વંશમાં શંખવાલ ગોત્રમાં સાહ સામલ, તેનો પુત્ર સાહ ડુંગર, તેની પત્ની શ્રાવિકા લાડા, તેના પુત્ર રત્ન સાહ ધન્નાકે, સાહ વન્ના, સાહ મેહાજલ, સાહ ધરમસી વગેરે ભાઈઓ અને પુત્રાદિ પરિવાર સહિત શ્રી ગૂર્જર પ્રદેશની રાજધાની અહમ્મદાવાદ નગરમાં 'શ્રી શાંતિનાથવિધિચૈત્ય'ની જગતીમાં પોતાના શ્રેયાર્થે દેવકુલિકા કરાવી. પૂજનીયો ચિરકાલ રહો. શ્રી જિનકુશલસૂરિની કૃપાથી કલ્યાણ થાઓ.

### સમીક્ષા

શિલાલેખ નં૰ ૧ માં પાતશાહ અકબરનો નિર્દેશ છે તે દિલ્હીના બાબુરીવંશનો પ્રસિદ્ધ બાદશાહ અકબર ૧લો (ઈ૰ સ૰ ૧૫૫૬થી ૧૬૦૫) છે. લેખમાં ગૂર્જરદેશની રાજધાની અમદાવાદમાં શ્રી જિનચન્દ્રસૂરિના વિજયરાજ્યમાં શાંતિનાથ જિનાલય બંધાવ્યાનો નિર્દેશ છે. આચાર્ય જિનચંદ્રસૂરિ ખરતરગચ્છના હતા. તેમનો જન્મ વિ૰ સં૰ ૧૫૯૫ (ઈ૰ સ૰ ૧૫૩૮-૩૯)માં, દીક્ષા સં૰ ૧૬૦૪ (ઈ૰ સ૰ ૧૫૪૭-૪૮)માં અને આચાર્યપદ જેસલમેરમાં વિ૰ સં૰ ૧૬૧૨, ભાદ્રપદ સુદિ ૯ ના રોજ (૧૪ ઑગસ્ટ, ઈ૰ સ૰ ૧૫૫૬) પ્રાપ્ત થયું હતું. તેમણે સં૰ ૧૬૪૮, આષાઢ સુદિ ૮ ના દિવસે (૬, જુલાઈ, ઈ૰ સ૰ ૧૫૯૨) ખંભાતથી વિહાર કરી જાલોરમાં પર્યુષણ કરી અને પછી લાહોર પધાર્યા, જ્યાં તેમણે સમ્રાટ અકબરને ઉપદેશ આપ્યો. ખંભાતના દરિયામાં મચ્છીમારોની જાળ બંધ કરાવી. બિકાનેરના મંત્રી સંગ્રામસિંહના પુત્ર મંત્રી કર્મચન્દ્રે મોટા સમારોહપૂર્વક આચાર્યશ્રીને યુગપ્રધાનપદ આપ્યું. આચાર્ય જિનચન્દ્રસૂરિએ ઘણી પ્રતિષ્ઠાઓ કરાવી અને શિષ્યોની પદસ્થાપનવિધિ અને વિવિધ ધર્મકાર્યો કર્યાં[1].

શિલાલેખ નં૰ ૧ માં શ્રી જિનચન્દ્રસૂરિના પુરોગામી સૂરિઓની પટ્ટાવલી આપી છે. આ પટ્ટાવલી વડગચ્છના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રથમ આચાર્યશ્રી ઉદ્યોતનસૂરિથી શરૂ થાય છે. આ૦ ઉદ્યોતનસૂરિ જંબૂસ્વામીની પરંપરામાં ચંદ્રકુલની વિહારુકશાખામાં થયા. વનવાસીગચ્છના છેલ્લા આચાર્ય વિમલચન્દ્રસૂરિની પાટે આ આચાર્ય થયા. સં૦ ૯૯૪ (ઈ૦ સ૦ ૯૩૭-૩૮)માં તેમણે વડગચ્છની સ્થાપના કરી. પૂર્વનાં તીર્થોની યાત્રા કરી સં૦ ૯૯૪માં આબૂ પધાર્યા. આબૂની તળેટીમાં તેલી ગામમાં પોતાના શિષ્યો સર્વદેવ, માનદેવ, મહેશ્વર, પ્રદ્યોતન વગેરે આઠ મુનિઓને વડના વૃક્ષ નીચે આચાર્યની પદવી આપી ત્યારથી તેઓ વડગચ્છના નામથી પ્રસિદ્ધ બન્યા. આ ગચ્છ નિર્ગ્રન્થ પરંપરાનો પાંચમો ગચ્છ છે. તેને બૃહદ્ગચ્છ પણ કહે છે. આ ગચ્છની ઘણી શ્રમણપરંપરાઓ ચાલી[૨].

વડગચ્છની છઠ્ઠી પરંપરામાં આ૦ ઉદ્યોતનસૂરિ પછી આ૦ વર્ધમાનસૂરિ થયા. સં૦ ૯૯૫માં આ૦ ઉદ્યોતનસૂરિએ પોતાના સર્વદેવ વગેરે આઠ શિષ્યોને આચાર્યપદ આપ્યું અને તે પછી વર્ધમાનસૂરિને પણ અજારીમાં આચાર્યપદ આપ્યું. વર્ધમાનસૂરિ શાસ્ત્રાનુસાર મુનિજીવન ગાળતા. તેથી તેમની પરંપરા સુવિહિત તરીકે પ્રખ્યાત છે. આ૦ જિનેશ્વર અને આ૦ બુદ્ધિસાગર તેમના પટ્ટધરો હતા. સં૦ ૧૦૮૮માં અનશન કરી સ્વર્ગવાસી થયા. વર્ધમાનસૂરિના શિષ્ય આ૦ જિનેશ્વરસૂરિએ સં૦ ૧૦૮૦માં જાલોરમાં હારિભદ્રીય **અષ્ટપ્રકરણ વૃત્તિ**, **પંચલિંગીપ્રકરણ**, **પ્રમાલક્ષ્મ**, સં૦ ૧૦૯૨માં આશાવલમાં **લીલાવઈ કહા**, જાબાલિપુરમાં **ચૈત્યવંદનવિવરણ**, સં૦ ૧૧૦૮માં ડીંડુઆણકમાં **કથાકોસ-પગરણ-ગાથા**, કહાવિવરણવૃત્તિ વગેરે ગ્રંથો રચ્યા છે[૩].

આ૦ જિનવલ્લભ ગણિ આ૦ જિનેશ્વરસૂરિના શિષ્ય હતા. તેમણે સં૦ ૧૧૬૭, આષાઢ સુદિ ૬ (૧૪ જૂન, ઈ૦ સ૦ ૧૧૧૧)માં ચિત્તોડમાં આચાર્યપદ મેળવ્યું. તેમણે અનેક સ્તોત્રો અને ૨૧ જેટલા ગ્રંથોની રચના કરી છે, જેમાં **પિંડવિસોહિ-પગરણ** (સં૦ ૧૧૪૪ – ઈ૦ સ૦ ૧૦૮૭-૮૮), **સૂક્ષ્માર્થસિદ્ધાન્તવિચાર**, **પોસહવિધિપ્રકરણ**, **સંઘપટ્ટક**, **પ્રતિક્રમણ સામાચારી**, **ધર્મશિક્ષા**, અને **પ્રશ્નોત્તરષષ્ટિશતક** જેવા ગ્રન્થોનો સમાવેશ થાય છે. સં૦ ૧૧૬૪ (ઈ૦ સ૦ ૧૧૦૭-૦૮)માં ચિત્તોડ, નાગોર, નરવર, અને મરુપુરમાં **અષ્ટસપ્તતિકા**, **સંઘપટ્ટક**, અને **ધર્મશિક્ષા** જેવા ગ્રંથો શિલા પર કોતરાવ્યા[૪].

આ૦ જિનદત્તસૂરિનો જન્મ સં૦ ૧૧૩૨ (ઈ૦ સ૦ ૧૦૭૫-૭૬)માં ધંધૂકામાં, સં૦ ૧૧૪૧ (ઈ૦ સ૦ ૧૦૮૪-૮૫)માં દીક્ષા અને સં૦ ૧૧૬૯ (ઈ૦ સ૦ ૧૧૧૨-૧૩)માં ચિત્તોડમાં આચાર્યપદની પ્રાપ્તિ થઈ. સં૦ ૧૨૦૪ (ઈ૦ સ૦ ૧૧૪૭-૪૮)માં તેમણે ખરતરગચ્છની સ્થાપના કરી. આ૦ જિનદત્તસૂરિએ **ગણધરસાર્ધશતક**, **ગણધરસપ્તતિ**, **સુગુરુપારતંત્ર્ય**, **વ્યવસ્થાકુલક**, **ચૈત્યવંદનકુલક**, **ઉપદેશરસાયન**, **કાલસ્વરૂપ**, અને **ચર્ચરી** જેવા ૧૨ જેટલા ગ્રંથોની રચના કરી. આ આચાર્યના સમયમાં મધુકરગચ્છ નીકળ્યો. તેમનો સમાધિસ્તૂપ અજમેરમાં બનાવવામાં આવ્યો જેની પ્રતિષ્ઠા આ૦ જિનચન્દ્રસૂરિએ સં૦ ૧૨૨૧ (ઈ૦ સ૦ ૧૧૬૪-૬૫)માં કરી[૫].

આ૦ જિનચન્દ્રસૂરિનો જન્મ સં૦ ૧૧૯૭ (ઈ૦ સ૦ ૧૧૪૦-૪૧)માં અને સં૦ ૧૨૨૧ (ઈ૦ સ૦ ૧૧૬૪-૬૫)માં બિકાનેરમાં આચાર્યપદની પ્રાપ્તિ થઈ. તેમના પટ્ટધર આ૦ જિનપતિસૂરિનો જન્મ સં૦ ૧૨૧૦ (ઈ૦ સ૦ ૧૧૫૩-૫૪) અને સં૦ ૧૨૨૩ (ઈ૦ સ૦ ૧૧૬૬)માં આચાર્યપદની પ્રાપ્તિ થઈ. સં૦ ૧૨૩૪ (ઈ૦ સ૦ ૧૧૭૭-૭૮)માં ફલોધિમાં ભગવાન પાર્શ્વનાથનું નવું ખરતરગચ્છીય ચૈત્ય બનાવ્યું. શ્રેષ્ઠી નેમિચંદ્ર ભાંડાગારિકને જૈનધર્મી બનાવેલા. **પ્રબોધ્યવાદસ્થલ**, **તીર્થમાલા**, **પંચલિંગીપ્રકરણ-વિવરણ**, અને **સંઘપટ્ટકની બૃહત્ ટીકા** જેવા ગ્રંથોની અને કેટલાંક સ્તુતિ-સ્તોત્રોની રચના કરી[૬].

આ૦ જિનેશ્વરસૂરિનો જન્મ સં૦ ૧૨૪૫ (ઈ૦ સ૦ ૧૧૮૮-૮૯)માં અને સં૦ ૧૨૭૮ (ઈ૦ સ૦ ૧૨૨૧-૨૨)માં જાલોરમાં આ૦ સર્વદેવના હાથે આચાર્યની પદવી મળી. સં૦ ૧૩૧૩ (ઈ૦ સ૦ ૧૨૫૬-૫૭)માં પાલનપુરમાં **શ્રાવકધર્મ પ્રકરણ**ની રચના કરી. આ ઉપરાંત **યમકમયચતુર્વિંશતિ-જિનસ્તવન** તથા **પાર્શ્વનાથ જિનસ્તવન**ની રચના કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ૰ જિનચન્દ્રસૂરિનો જન્મ સં૰ ૧૩૨૬ (ઈ૰ સ૰ ૧૨૬૯-૭૦)માં અને સં૰ ૧૩૪૧ (ઈ૰ સ૰ ૧૨૮૪-૧૨૮૫)માં જાલોરમાં આચાર્યપદની પ્રાપ્તિ થઈ. સં૰ ૧૩૭૬ (ઈ૰ સ૰૧૩૧૯-૨૦)માં સ્વર્ગવાસ થયો. ખરતરગચ્છના પટ્ટાવલીકારો તેમને કલિકાલકેવલી તરીકે ઓળખાવે છે. તેમના પટ્ટધર આ૰ જિનકુશલસૂરિનો જન્મ સં૰૧૩૩૦ (ઈ૰ સ૰૧૨૭૩-૭૪)માં અને સં૰ ૧૩૭૭ (ઈ૰ સ૰ ૧૩૨૦-૨૧)માં પાટણમાં રાજેન્દ્રાચાર્યના હાથે આચાર્યપદની પ્રાપ્તિ થઈ. સા૰ તેજપાલના સંઘ સાથે તેમણે શત્રુંજયની યાત્રા કરી, અને નવમી ટૂકમાં માનતુંગ-જિનપ્રાસાદમાં ઋષભનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. સં૰ ૧૩૭૭માં ભીલડિયામાં ભુવનપાલના બોતેર જિનાલયમાં મહાવીરસ્વામીની, જેસલમેરમાં જસધવલે ભરાવેલ ચિંતામણિ પાર્શ્વનાથની અને જાલોરમાં પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેમણે **ચૈત્યવન્દનકુલક વૃત્તિ** ગ્રંથની રચના કરેલી[૭].

આ૰ જિનપદ્મસૂરિનો જન્મ સં૰ ૧૩૮૨ (ઈ૰ સ૰ ૧૩૨૫-૨૬)માં અને સં૰ ૧૩૯૦ (ઈ૰ સ૰ ૧૩૩૩-૩૪)માં આચાર્યપદની પ્રાપ્તિ દેરાઉરમાં થઈ. તેમને બાલધવલકૂર્ચાલ સરસ્વતીનું બિરુદ પ્રાપ્ત થયું. તેઓ છાજેડ ગોત્રના હતા. આ૰ જિનલબ્ધિસૂરિને સં૰ ૧૪૦૦ (ઈ૰ સ૰ ૧૩૪૩-૪૪)માં પાટણમાં તરુણપ્રભના હસ્તે આચાર્યપદવી પ્રાપ્ત થઈ. આ૰ જિનચન્દ્રસૂરિને સં૰ ૧૪૦૬ (ઈ૰ સ૰ ૧૩૪૯-૫૦)માં નાગોરમાં આ૰ તરુણપ્રભના હાથે આચાર્યની પદવી પ્રાપ્ત થઈ. આ૰ જિનોદયસૂરિનો જન્મ સં૰ ૧૩૭૫ (ઈ૰ સ૰ ૧૩૧૮-૧૯)માં અને સં૰ ૧૪૧૫ (ઈ૰ સ૰ ૧૩૫૮-૫૯)માં ખંભાતમાં આ૰ તરુણપ્રભના હાથે આચાર્યની પદવી પ્રાપ્ત થઈ. એ જ વર્ષે એમણે **વિક્રમરાસ**ની રચના કરી. તેમના શિષ્ય ઉપા૰ મેરુનંદને **જિનોદયવિવાહલો** અને પં૰ જ્ઞાનકલશે જિનોદયસૂરિ **પટ્ટાભિષેકરાસ** રચ્યો[૮].

આ૰ જિનરાજસૂરિને સં૰ ૧૪૩૩ (ઈ૰ સ૰ ૧૩૭૬-૭૭)માં પાટણમાં આચાર્યપદની પ્રાપ્તિ થઈ હતી. આ૰ જિનવર્ધને સં૰ ૧૪૬૮ (ઈ૰ સ૰ ૧૪૧૧-૧૨)માં દેલવાડામાં તેમની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેઓ ન્યાયના પ્રકાંડ અભ્યાસી હતા. તેમણે આ૰ સ્વર્ણપ્રભ, આ૰ ભુવનરત્ન અને આ૰ સાગરચંદ્રને આચાર્યની પદવી આપી.

આ૰ જિનભદ્રસૂરિનો જન્મ સં૰ ૧૪૫૦ (ઈ૰ સ૰ ૧૩૯૩-૯૪)માં અને સં૰ ૧૪૭૫ (ઈ૰ સ૰ ૧૪૧૮-૧૯)માં ભણસોલમાં તેમને આચાર્યપદની પ્રાપ્તિ થઈ. એમણે **જિનસત્તરી, અપવર્ગનામમાલા, દ્વાદશાંગીપદપ્રમાણકુલક** વગેરે ગ્રંથોની રચના કરી. આ ઉપરાંત ગિરનાર, ચિત્તોડ, મંડોવર વગેરે સ્થળોએ જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી તેમજ માંડવગઢ, જેસલમેર, જાલોર, પાટણ, ખંભાત, નાગોર વગેરે સ્થાનોમાં ગ્રંથભંડારો સ્થાપ્યા. આ આચાર્યે સં૰ ૧૫૦૧, વૈશાખ સુદિ ૪ ને રવિવારે ૧૧ એપ્રિલ, ઈ૰ સ૰ ૧૪૪૫ જેસલમેરમાં પોતાને હાથે **સિદ્ધહેમશબ્દાનુશાસન-વૃત્તિ** લખી છે. તેમના સમયમાં ખરતરગચ્છમાં 'પિપ્પલક' શાખાભેદ નીકળ્યો[૯].

આ૰ જિનચન્દ્રસૂરિનો જન્મ સં૰ ૧૪૮૭ (ઈ૰ સ૰ ૧૪૩૦-૩૧)માં અને સં૰ ૧૫૧૫ (ઈ૰ સ૰ ૧૪૫૮-૫૯)માં કુંભલમેરુમાં આ૰ કીર્તિરત્નના હાથે આચાર્યપદની પ્રાપ્તિ થઈ. તેમણે જેસલમેર, આબૂ, ચિત્તોડ વગેરે સ્થળોએ જિનપ્રતિષ્ઠાઓ કરાવી. આ૰ જિનસમુદ્રસૂરિનો જન્મ સં૰ ૧૫૦૬ (ઈ૰ સ૰ ૧૪૪૯-૫૦)માં અને સં૰ ૧૫૩૩ (ઈ૰ સ૰ ૧૪૭૬-૭૭)માં પુંજપુરમાં આ૰ જિનચન્દ્રસૂરિના હસ્તે આચાર્યપદની પ્રાપ્તિ થઈ. તેઓ પરમ ત્યાગી હતા. તેમણે પંચનદીપીરની સાધના કરી હતી. તેમણે જેસલમેરમાં સં૰ ૧૫૩૬ (ઈ૰ સ૰ ૧૪૭૯-૮૦)માં પ્રતિષ્ઠાઓ કરાવી. આ૰ જિનહંસસૂરિનો જન્મ સં૰ ૧૫૨૪ (ઈ૰ સ૰ ૧૪૬૭-૬૮)માં અને સં૰ ૧૫૫૫ (ઈ૰ સ૰ ૧૪૯૮-૯૯)માં અમદાવાદમાં આચાર્યપદની પ્રાપ્તિ થઈ. સં૰ ૧૫૫૬ (ઈ૰ સ૰ ૧૫૦૦)માં બિકાનેરમાં આ૰ શાંતિસાગરના સૂરિમંત્રથી ભટ્ટારકપદ મળ્યું અને સં૰ ૧૫૮૨ (ઈ૰ સ૰ ૧૫૨૫-૨૬)માં અમદાવાદમાં સ્વર્ગવાસ થયો. બાદશાહ સિકંદર લોદીએ આચાર્યશ્રી, ૧૩ સાધુઓ તેમજ ૫૦૦ માણસોને ધોળપુરની કેદમાં પૂર્યા હતા. જીરાવલા પાર્શ્વનાથના આરાધનથી કેદમાંથી બધા મુકત થયા અને તેમણે બાદશાહને ઉપદેશ આપી અમારિ પ્રવર્તાવી. આ૰ જિનહંસે ઘણી પ્રતિષ્ઠા કરાવી,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાત્રાસંઘો કઢાવ્યા, અને સં૦ ૧૫૮૨ (ઈ૦ સ૦ ૧૫૨૫-૨૬)માં **આયરંગસુત્ત દીપિકાની** રચના કરી[૧૦].

આ૦ જિનમાણિક્યસૂરિનો જન્મ સં૦ ૧૫૪૯ (ઈ૦ સ૦ ૧૪૯૨-૯૩)માં અને સં૦ ૧૫૯૨ (ઈ૦ સ૦ ૧૫૩૫-૩૬)માં પાટણમાં જિનહંસસૂરિના હસ્તે આચાર્યપદવી મેળવી. તેમણે પાંચ નદીઓને સાધી હતી. સં૦ ૧૫૯૩ (ઈ૦ સ૦ ૧૫૩૫-૩૬)માં બિકાનેરમાં મંત્રી કર્મસિંહના દેરાસરમાં ભ૦ નેમિનાથની પ્રતિષ્ઠા કરાવી. વિ૦ સં૦ ૧૬૧૨ (ઈ૦ સ૦ ૧૫૫૫-૫૬)માં તેમનો સ્વર્ગવાસ થયો[૧૧].

શિલાલેખોમાં સૂરિઓનાં ખરતર અને રાજ જેવા ગચ્છો, શ્રાવકોના શંખવાલ, બ્રાહેચા જેવાં ગોત્રો તેમજ ઉકેશ વંશ અને શ્રીમાલ જેવી જ્ઞાતિના નિર્દેશો આવે છે. આ ઉપરાંત ખરતરગચ્છીય સંઘની વ્યક્તિઓના નામોલ્લેખો પણ જોવા મળે છે.

લેખ નં૦ ૧,૩,૪,૫ અને ૬માં દર્શાવેલી મિતિ વિક્રમ સં૦ ૧૬૪૬, આસો સુદિ ૧૦, વિજયાદશમીને સોમવારની છે. એમાં શ્રવણનક્ષત્રનો નિર્દેશ કરેલો છે. જો કે લેખ નં૦ ૫માં વાર અને નક્ષત્રનો નિર્દેશ કર્યો નથી. લેખ નં૦ ૨માં આપેલી મિતિ સં૦ ૧૬૪૬ આસો સુદિ ૧૫ ને શનિવારની છે. એમાં નક્ષત્રનો નિર્દેશ કર્યો નથી. આ બંને મિતિઓ ગુજરાતમાં પ્રચલિત વિક્રમ સંવતની કાર્તિકાદિ વર્ષગણનાની પદ્ધતિ અનુસાર બંધ બેસે છે. વિ૦ સં૦ ૧૬૪૬, આસો સુદિ ૧૦ ને સોમવારે અંગ્રેજી તારીખ ૨૮, સપ્ટેમ્બર, ઈ૦ સ૦ ૧૫૯૦ આવે અને વિ૦ સં૦ ૧૬૪૬, આસો સુદિ ૧૫ ને શનિવારને દિવસે અંગ્રેજી તારીખ ૩, ઑક્ટોબર, ઈ૦ સ૦ ૧૫૯૦ આવે[૧૨].

પાઠ

શિલાલેખ નં૦ ૧

१. ।। पण ।। स्वस्ति श्रीशांतिकल्पद्रुः कामितार्थफलप्रदः। सच्छायः षु(सु)मनः संघ। समृध्यनंताच्चिरम्।। १ श्री विक्रमरय[१३] समया। त्संवृति[१४] र-

२. ससिंधुदर्शनेंदु[१५] १६४६ मिते सोमे विजयदशम्यां। श्रवणहिते श्रवण नक्षत्रे।। २ पातिसाहि श्री अकब्बर राज्ये।। श्री अहम्म -

३. दाबादनगरे।। शासनाधीश्वर श्री वर्धमानस्वामि पट्टाविच्छिन्नपरंपरायात। उद्यतविहारोद्योति श्री उद्योतनसूरि।। तत्पट्टप्र -

४. भाकरप्रवरविमलदंडनायककारितार्बुदाचलवसतिप्रतिष्टापक। श्री सीमंधरस्वामिशोधितसूरिमंत्राराधक। श्रीवर्ध -

५. मानसूरि।। तत्पट्ट० अणधि(हि)ल्लपत्तनाधीशदुर्ल्लभराजसंस। च्चैत्यवासीपक्षविक्षेपाशीत्यधिकदशशत संवत्सरप्राप्तखर -

६. तरबिरुद श्री जिनेश्वरसूरि। तत्पट्ट० श्री जिनचन्द्रसूरि।। तत्पट्ट० शासनादे उपदेशप्रकटित। दुष्टाकुष्टप्रमाथ हेतु।।

७. श्री स्तंभनपार्श्वनाथ। नवांगाद्यनेकशास्त्रविवरणकरणप्राप्तप्रतिष्ठ श्री अभयदेवसूरि।। तत्पट्ट० लेखरूपदशकुल -

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

८. क प्रेषणप्रबोधित वागड देशीय दश दश शत श्रावक। सुविहित निज कठिन क्रियाकरण। पिंडविशुद्धादिप्रकर –

९. णं। जिनशासन प्रभावक। श्री जिनवल्लभसूरि।। तत्पट्ट० स्वशक्तिवशीकृत विकृत चतुष्षष्टि योगिनी चक्र। द्वि पंचा –

१०. शर्द्धन (?) सिंधुदेशीयपीर। अंबड श्रावक कर लिखित स्वर्णाक्षर वाचना विर्भूत युगप्रधान पदवी समलंकृत पंचन –

११. दी साधक श्री जिनदत्तसूरि।। तत्पट्ट० नरमणि मंडित भालस्थल। श्री जिनचंद्रसूरि त० लं० नेमिचंद्र परीक्षित। प्रबोधो –

१२. दयादि ग्रंथ रूप षट्त्रिंशद्वाद साधित विधिपक्ष। खरतरगच्छ स्वच्छ सूत्रणा सूत्रधार। श्री जिनपतिसूरि।। तत्पट्ट० प्रभा० –

१३. लाडउल विजापुर प्रतिष्ठित श्री शांतिवीर विधिचैत्य श्री जिनेश्वरसूरि।। तत्पट्ट० श्री जिनप्रबोधसूरि त० राज चतु० –

१४. ष्टय प्रतिबोधो बद्ध राजगच्छ संज्ञा शोभित श्री जिनचंद्रसूरि।। तत्पट्ट० श्री शत्रुंजय मंडन खरतरवसति प्रतिष्टा –

१५. पक स्वगच्छ प्रतिपालन बद्ध कक्ष विख्यातातिशयलक्ष श्री जिनकुशलसूरि।। त० श्री जिनपद्मसूरि।। त० श्री जि –

१६. नलब्धसूरि। त० श्री जिनचंद्रसूरि। त० देवांगनावसरवासप्रक्षेपोदित संघपति पक्षद्युदय श्री जिनोदयसूरि-

१७. त० श्री जिनराजसूरि।। त० स्थान(ने) २ (स्थाने) स्थापित सारज्ञानभांडागार श्री जिनभद्रसूरि त० श्री जिनचंद्रसूरि।। तत्पट्ट०

१८. पंचयक्ष साधक विशिष्टक्रिय श्री जिनसमुद्रसूरि।। तत्प० तपोध्यान विधान चमत्कृत पातिसाहि पंचशतवंदि[१६]।।

१९. मोचन सम्मानित श्री जिनहंससूरि। त० पंचनदीसाधकाधिक ध्यान-बल शफली कृत यवनोपद्रवातिशयविराज –

२०. मान जिनमाणिक्यसूरि तत्पट्टालंकार दुर्वार वादि विजयलक्ष्मीशरण। पूर्व्व क्रियासमुद्धरण श्री जिनचंद्रसूरि विज –

२१. यि राज्ये।। पंचविंशति देवकुलिकालंकृतं। श्री शांतिनाथ विधिचैत्यम् प्रभूतद्रव्य व्ययेन समुधृ(द्ध)तम् समूलम्। श्रीः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२२. ।। देवगृह कार्याध्यक्ष मंत्रि सारंगधर देवकर्ण्ण। शत्रुंजय संघाधिपति मं० जोगी। सोमजी। शिवजी। सूरजी। लघु।।

२३. सोमजी। सा० कमलसा। सा० माना। सा० गद्दा। यादव। भाथा। सा० अमीपाल। पच्चा। सा० अमरदत्त। कुंअरजी। प्रभू -

२४. त द्रव्य वितरण सान्निध्यकारक। श्री श्रीमालीज्ञातीय सा० जीवा। सा० धन्ना। सा० लक्ष्मीदास। सा० कुंअरजी। मं०

२५. वछराज पं० सूरजी। हीरजी। मं० नारायणजी। सा० जावडा। सीता। प० धन्नू। भ० राजपाल। सा० जिणदास। गू० लक्ष्मी -

२६. दास। नरपति। रवा। सा० वच्छा। दो० धर्मसी। सिंघा। मं० विजयकर्ण। मं० शुभकर। सा० कम्मा। ए० रतनसी। कर्म -

२७. सी। सा० राजा। मुला। वारुणी (?)। सा० देवीदास। सं० लषमी वुप-जीवा भू० पोपट। रत्ना। कचरा। सा० नयणसी। सा० कृ -

२८. ष्णाः कीका। सा० वीरजी। सा० रहिया कुदा। लषमण। सा० सीका। सा० नउला। गोपाला सषूआ। लाल। सोमजी

२९. मता कुंभा। मं० राधूवा। उदयकर्ण। सा० द्योमसी। नेता। धनजी। शिवा। सूरचंद प्रमुख श्री खरतरगच्छीय संघेन।। याव पूषा आसोमौ नंदतु

३०. लिखितेयं।। पं० सकलचंद्र गणि पुरस्कृत। वा० कल्याणकमल गणि वा० महिमराजगणिभ्याम्।। श्रावक पुण्यप्रभा -

३१. वक हारिता।। भा० श्राविका वीराई पुत्री हांसाई। मंगाई प्रमुख सहित X७ कोरिता गजधर गदुआकेन

શિલાલેખ નં. ૨

१. ।।र्दण।। स्वस्ति श्री।। संवत १६४६ वर्षे।। अ(आ)श्वयुक् पूर्णिमास्यां(यां) १५ शनौ।। श्री खरतरगच्छे -

२. श्रीमज्जिनमाणिक्यसूरि पट्टालंकार श्री जिनचंद्रसूरि विजयिराज्ये।। श्री राज -

३. धान्यां(याम्)।। श्री शांतिनाथ विधिचैत्य जगती[१७]। ब्रामेचा गोत्रे सा० हीरा पुत्र सा० गोरा

४. नाम्नः पुण्यार्थं सा० लक्ष्मीदासा सा० सामीदास। सा० उदयनाथ। सा० रायसिंघा -

५. भिधैः पुत्रैः श्राविका गोरादे। लाडिमदे। आसकरणादि परिवार सहितै(तैः)

६. देवकुलिका कारिता।। चिरं नंदतु।। श्री जिनकुशलसूरि प्रसादात्

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિલાલેખ નં. ૩

१. ।। एदण ।। संवत १६४६ वर्षे ।। आसोज सुदि १० विजयदशम्याम् ।। श्री सोमवारे
२. श्रवणनक्षत्रे ।। श्री खरतरगच्छे श्री जिनमाणिक्यसूरि पट्टालंकार
३. श्री जिनचंद्रसूरि विजयिराज्ये ।। उकेश वंशे श्री शंखवाल गोत्रे ।।
४. साह सामल तत्पुत्र साह डुंगर भार्या श्राविका लाडां । पुत्ररत्न मा० धन्ना -
५. केन सा० वन्ना सा० मिहाजल सा० धर्मसी प्रमुखसार परिवार सहि -
६. तेन । श्री राजधान्याम् श्री शांतिनाथविधिचैत्यजगत्यां ।.देवकुलिका -
७. कारिता ।। स्वश्रेयोर्थम् ।। पूज्यमाना । चिरं नंदतु ।। श्री जिनकुशलसूरिप्र -
८. सा० धानानी देरी । सथथा पाथमणी


શિલાલેખ નં. ४

१. ।। संवत १६४६ वर्षे । आश्विन सुदि १० विजयद -
२. शम्यां सोमवारे । श्रवण नक्षत्रे । श्री खरतरगच्छे ।
३. श्री जिनमाणिक्यसूरि पट्टालंकार सार श्री म -
४. ज्जिनचंद्रसूरि विजयिराज्ये श्रीमदूकेशवंशे
५. [१८]शंखवाल गोत्रे साह सामल तत्पुत्र साह डुंगर त -
६. द्भार्या लाडा श्राविकाया पुत्र साह धन्ना साहा -
७. वन्ना साह मेहाजल साह धरमसी प्रमुखपुत्र -
८. पौत्रादिसार परिवार सहितेय[१९] श्रीमदहम्मदा -
९. वादनगरे । श्री शांतिनाथ विधिचैत्य जगत्यां दे -
१०. वकुलिका कारिता स्वश्रेयोर्थं श्री जिनकुशल -
११. सूरि गुरुप्रसादात् पूज्यमाना चिरं नंदतु ।। शुभं ।
१२. ।।श्राविका लाडानाम्निकया देवकुलिका कारितेयं ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



૧. અકબરકાલીન શિલાલેખ, જૈન દેરાસર, શાંતિનાથની પોળ, અમદાવાદ.



૨. અકબરકાલીન શિલાલેખ, જૈન દેરાસર, શાંતિનાથની પોળ, અમદાવાદ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શિલાલેખ નં૰ ૫

१. ।।ई ०।। स्वस्ति श्री संवत् १६४६ आसो सुदि १०

२. दिने ।। श्री बृहत्खरतरगछा(च्छा)धीश्वर श्री जिनमा -

३. णिक्यसूरि पट्टालंकार श्री जिनचंद्रसूरि वि -

४. जयराज्ये ।। श्री ब्राह्मेचा गोत्रे साह हीरा तत् -

५. पुत्र साह गोरा भार्या गउरादे । लघु भार्या जीवादे

६. तत पुत्र साह लषमीदासा साह सामीदासा साह

७. उदे(द)यसिंघ साह रायसिंघ ।। श्राविका दाडिमदे

८. श्राविका भगतादे पुत्र आसकरण प्रमुखसार परि -

९. वार सहितः । श्री राजधान्यां । श्री शांतिनाथ विधि -

१०. चैत्यजगत्यां स्वपितृपुण्यार्थं देवकुलिका कारिता ।

शिलालेख नं૰ ६

१. ।।द ण ।। संवत १६४६ वर्षे आश्विन सुदि १० विजयदशम्यां

२. सोमवारे । श्रवण नक्षत्रे । श्री बृहत्खरतरगच्छे ।।

३. श्री जिनमाणिक्यसूरि पट्टालंकार श्री जिनचंद्रसू -

४. रि विजयिराज्ये ।। श्रीमदूकेशवंशे ।। श्री शंखवा -

५. ल गोत्रे ।। साह सामल तत्पुत्र साह डुंगर तद्भार्या

६. श्राविका लाडा तत्पुत्ररत्न साह धन्नाकेन । साह ।।

७. वन्ना साह मेहाजल साह थरमसी प्रमुख भ्रातृ

८. पुत्रादि सारपरिवारसहितेन । श्री गूर्ज्जरप्रदेश

९. राजधानी श्रीमदहम्मदावादनगरे । श्री शांतिना -

१०. थ विधिचे(चै)त्यजगत्यां देवकुलिका काल(रि)ता ।। स्व -

११. श्रेये(यो)र्थम् ।। पूज्यमाना चिरं मदतु[१०] ।। श्री जिनकुश -

१२. लसूरिप्रसादात् कल्य(ल्या)णमा(म)ल ।। समुल्लसतु ।।*

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ટિપ્પણો :-

૧. મુનિશ્રી દર્શનવિજય, જ્ઞાનવિજય અને ન્યાયવિજય, **જૈન પરંપરાનો ઇતિહાસ** (જૈ૦ પ૦ ઇ૦), ભા૦ ૨, અમદાવાદ ૧૯૬૦, પૃ૦ ૪૮૧ થી.

૨. એજન , પૃ૦ ૭૦-૭૧.

૩. એજન , પૃ૦ ૭૩, ૨૧૧.

૪. એજન , પૃ૦ ૪૩૦-૪૩૨.

૫. એજન , પૃ૦ ૪૪૫ થી.

૬. એજન , પૃ૦ ૪૫૭-૫૮.

૭. એજન , પૃ૦ ૪૭૦-૭૧.

૮. એજન , પૃ૦ ૪૭૨.

૯. એજન , પૃ૦ ૪૭૪-૭૫.

૧૦. એજન , પૃ૦ ૪૭૯-૮૦.

૧૧. એજન , પૃ૦ ૪૮૦.

૧૨. L. D. Swamikannu Pillai, *Indian Ephemeris,* (reprint), Vol. 5, Delhi 1982, pp. 383 F.

૧૩. વાંચો °राज

૧૪. વાંચો समयातीत संवत्सर.

૧૫. रस = ६, सिंधु = ४, दर्शन = ६, इन्दु = १. अङ्कानाम् वामतो गतिः. અનુસાર સં૦ ૧૬૪૬.

૧૬. વાંચો °बंदि°

૧૭. વાંચો जगतीम्

૧૮. વાંચો शंख°

૧૯. વાંચો °तेन

૨૦. વાંચો नंदतु

ઉપર્યુક્ત છયે શિલાલેખોનો પાઠ લેખકોએ સ્થળ પર જઈ વાંચ્યો છે.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org